143

શેરા ક્રમાંકઃ–સીટીઈ/નબા/ટેબલેટ/ટીઈડી–૧/ ઠરાવ/વ.મં./૧૭–૧૮//એફ–૨/ છ(આ)/ ૮૩૫૮

કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ૮૩૫૮
બ્લોક નં.૨, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન,
સેકટર–૧૦ એ, ગાંધીનગર–૧૦,
તા.૧૭.૪.૨૦૧૭

19 APR 2017

<u>નકલ રવાનાઃ– જાણ અને જરૂરી કાર્યવાહી સારું.</u>

પ્રતિ,

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઈન્ફરમેટીકસ લીમીટેડ, બ્લોક નં.૧, ૮ મો માળ, ઉધોગભવન, સેકટર–૧૧, ગાંધીનગર

(૨) ચીફ એકઝયુકેટીવ ઓફીસરશ્રી, KCG , C/O. એલ.ડી.એન્જી.કોલેજ, નવરંગપુરા, અમદાવાદ

(૩) સંયુકત ટેકનીકલ શિક્ષણ નિયામક, ખરીદી શાખા, સીટીઈ, ગાંધીનગર

(૪) સંયુકત ટેકનીકલ શિક્ષણ નિયામક, આયોજન/બજેટ શાખા, સીટીઈ, ગાંધીનગર

(૫) હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, સીટીઈ, ગાંધીનગર

(૬) વડી કચેરીની હિસાબી શાખા, ખરીદી શાખા, છ(પાઈમ), છ(બજેટ), તરફ જાણ સારું.

(૭) કચેરી આદેશ ફાઈલ સારું.

શિ.વિ.ના તા. ૧૨.૪.૨૦૧૭ ના ઠરાવ અન્વયે, ધોરણ–૧૨ ની માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૭ ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજયમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને રૂ. ૧૦૦૦/– ના ટોકન દરે ટેબલેટ આપવા માટે (જનરલ સદરમાં ) આવર્તક રકમ રૂ. ૨૦૦૦૦.૦૦ લાખની રકમ મંજુર કરાવવા અંગે જોગવાઈ સને ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષની નવી બાબતની દરખાસ્ત (અંદાજપત્રમાં સમાવિષ્ઠ) કરવામાં આવતાં તેની વહીવટી મંજુરી પ્રદાન થયેલ છે.

ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણેની શરતોને આધિન રહી, ટેબલેટની ખરીદી અંગેનો ખર્ચ બજેટ સદરના ઓબ્જેકટ હેડ ૫૨૦૦ મશીનરી & ઈકવીપમેન્ટમાં કરવાનો રહેશે. આ અંગેની ગ્રાન્ટ વડી કચેરીની બજેટ શાખામાંથી મેળવવાની રહેશે.

18/4/17

**સંયુકત ટેકનીકલ શિક્ષણ નિયામક**
(આયોજન શાખા, વડી કચેરી)

<u>બિડાણઃ</u>– શિ.વિ.નો તા.૧૨.૪.૨૦૧૭ નો ઠરાવ

17/4

17/4

18/4

154

...કચ શિક્ષણ સંચાલય
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પત્ર મળ્યાની તારીખ
15 ...2017
જેને મોકલ્યો તે આવક રજીસ્ટરનો
...નું નામ ... ક્રમાંક ...........

15/4/17

ધોરણ-૧૨ની માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૨/૦૪/૨૦૧૭

<u>વંચાણે લીધોઃ</u>- કમિશનરશ્રી ટેકનીકલ શિક્ષણનો તા.૦૩/૦૩/૨૦૧૭ નો પત્ર ક્રમાંક સીટીઈ/વ.મ../ ૨૦૧૭-૧૮/ટેબલેટ/છ(આ)/૪૫૮૨

**<u>પ્રસ્તાવના</u>**

રાજ્ય સરકાર ધોરણ-૧૨ પછીના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત માટે અને તેમના અભ્યાસની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થાય તે બાબતે પ્રતિબદ્ધ છે. ભારત સરકારના ડીજીટલ ઇન્ડીયા કાર્યક્રમને કારણે વધુને વધુ ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ સેવાઓ ઉપલબ્ધ થઇ રહી છે અને Smart Cities માં પસંદગી પામેલ અને તે માટે પ્રયત્નશીલ એવા રાજયના ઘણા બધા નગરોમાં નગરવ્યાપી વાઇ-ફાઇ કનેક્ટીવીટીની સુવિધા સહેલાઇથી ઉપલબ્ધ થયેલ છે. આ ઉપરાંત યુનિવર્સિટી/કોલેજ કક્ષાએ પણ કેમ્પ્સ એરીયા વાઇડ નેટવર્ક અંતર્ગત પણ ઇન્ટરનેટની સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. વળી સરકારી સંસ્થાઓમાં ડીજીટલ લાઇબ્રેરી અને અદ્યતન કોમ્પ્યુટર સેન્ટર્સ વિકસાવવાની કાર્યવાહી પણ અગ્રતાના ધોરણે રાજ્ય સરકારે હાથ ધરેલ છે. આ સંજોગોમાં ધોરણ ૧૨ પછી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસે ટેબલેટ જેવી અદ્યતન સુવિધા હોય તો તેઓ ઉપલબ્ધ કેમ્પસ એરીયા નેટવર્ક / વાઇ-ફાઇ કનેક્ટીવીટી મારફત ઇન્ટરનેટ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરી શૈક્ષણિક ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી શકે. ઉલ્લેખનીય છે કે ઉચ્ચ શિક્ષણ અને ત્યાર બાદની અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ મહદઅંશે ઓનલાઇન બનેલ છે.

વિદ્યાર્થીઓનો નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી /અભ્યાસક્રમ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો જેવા કે Massive Online Open Courseware (MOOC) તેમજ ખ્યાતનામ શિક્ષણ સંસ્થાઓના વીડીયો લેક્ચર્સ / સપ્લીમેન્ટરી ક્વીઝ ઇત્યાદી મેળવવા તરફનો ઝોક જોવા મળે છે. આ માટે તેમની પાસે કોલેજ કક્ષાએ કોમન ફેસીલીટીનો ઉપયોગ કરવા મર્યાદિત તકો રહેતી હોય છે. જેની સામે ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને તેમના નિયમિત શિક્ષણમાં મૂલ્યવર્ધન કરવા માટે ઉપયોગી સવલત તરીકે અદ્યતન ટેકનોલોજી ધરાવતું ટેબ્લેટ રૂ.૧૦૦૦ના ટોકન દરે ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ</u>**

પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૨ની માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-

26/154

૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવા માટે રૂ. ૨૦૦.૦૦ કરોડ (અંકે રૂપિયા બસો કરોડ પુરા)ના ખર્ચની કાર્ય યોજના સાથે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>કાર્યયોજના</u>

**(૧) અમલીકરણ**

જી.આઇ.એલ. મારફત, સરકારશ્રીની માન્ય ખરીદપદ્ધતિ અનુસાર, કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા અંદાજિત લાભાર્થીઓ માટે પ્રવર્તમાન નિયમોનુસાર ટેબલેટ ખરીદી કરવાની રહેશે.

ટેબ્લેટની કુલ રકમની પુરીપુરી ચુકવણી કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા મંજુર થયેલ રૂ.૨૦૦ કરોડની રકમમાંથી જ તબક્કાવાર કરવાની રહેશે. વિદ્યાર્થીના હિસ્સાની કુલ રકમ સરકારશ્રીના આવક સદરે અલગથી જમા કરાવવાની રહેશે. ખર્ચ અને આવકના તફાવતની રકમ સુધારેલ અંદાજો સમયે સરભર કરવાના રહેશે.

વિદ્યાર્થીને ટેબ્લેટનું હસ્તાંતરણ કરવાના સમયે જ ટેબ્લેટની વૉરન્ટી/ગેરન્ટી સંબધિત સાહિત્ય સોંપવામાં આવશે, જે બાદ તેના ટેબ્લેટ સંબધિત કોઇ પણ મરામત કે અન્ય મુશ્કેલીઓ માટે વિદ્યાર્થી દ્વ. જે તે પેઢી મારફત તેમના દ્વારા નિર્ધારીત પ્રક્રિયા અન્વયે તેનું નિરાકરણ કરવાનું રહેશે અને તેની કોઇ જવાબદારી સરકારશ્રીની રહેશે નહી.

ટેબ્લેટ, ઇચ્છુક વિદ્યાર્થી સુધી સંલગ્ન યુનિવર્સિટી / કોલેજ / નોડલ એજન્સી મારફત યોગ્ય રીતે સમયસર પહોંચે તે માટે કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણ એ નીચે મુજબની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

૧) NIC મારફત આ માટે MYSY ના પોર્ટલ પર KCG દ્વારા યોગ્ય પોર્ટલ વિકસાવી ટેબ્લેટ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીને રજિસ્ટ્રેશન માટેની ઑન-લાઇન વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ કન્ફર્મ કર્યાના એક સપ્તાહની મર્યાદામાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૨) રજિસ્ટ્રેશન માટે MYSY માટેના હયાત હેલ્પ સેન્ટર્સ ઉપરાંત જરૂર જણાયે KCG દ્વારા રાજ્ય વ્યાપી કામચલાઉ હેલ્પ સેન્ટર્સની સુવિધા ઉપલબ્ધ કરાવવાના રહેશે.

3) KCG દ્વારા માન્ય કરાયેલ બેંક મારફત આ ઑનલાઇન સુવિધા માટે પેમેન્ટ ગેટવે મારફત નિર્ધાર એકાઉન્ટમાં વિદ્યાર્થીઓના હિસ્સાની ટેબ્લેટ દીઠ રૂ.૧૦૦૦ની રકમ જમા લેવાની રહેશે. આ રકમ જમા લેવા માટે કેશલેસ પદ્ધતિના ઉપલબ્ધ શક્ય વિકલ્પો પસંદ કરી આ રકમ ટેબ્લેટ વિતરણ થયા બાદ સમયાંતરે સરકારી તિજોરીમાં આવક સદરે જમા કરવાની રહેશે.

૪) રજિસ્ટ્રેશન સમયે વિદ્યાર્થીનો ધોરણ-૧૨ની વર્ષ ૨૦૧૭ની પરીક્ષાના બેઠક નંબરને યુનિક આઇડેન્ટીફીકેશન કોડ તરીકે નિર્ધારીત કરી ટેબ્લેટની ડુપ્લિકેટ ડીલીવરી ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫) વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન સમયે તેના આધારકાર્ડની વિગત, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધાનો આધાર તેમજ તેમના હિસ્સાની રકમ ભર્યાની વિગતો પ્રાપ્ત થયા બાદ શિક્ષણ વિભાગની એજન્સી મારફત વિદ્યાર્થીને સંલગ્ન યુનિવર્સિટી / કોલેજ / નોડલ એજન્સી મારફત ટેબ્લેટ સોંપવાના રહેશે.

૬) વર્ક-ઑર્ડર આપવામાં આવેલ પેઢી દ્વારા ટેબ્લેટની તબક્કાવાર ડીલીવરીની ટેબ્લેટના સીરીયલ નંબર સાથેની Inventory ઓન-લાઇન પોર્ટલમાં નોંધવાની રહેશે. વિદ્યાર્થીને સોંપવામાં આવેલ ટેબ્લેટનો સીરીયલ નંબર વિતરણ એજન્સી દ્વારા અલગથી નોંધવાનો રહેશે જે સીરીયલ નંબરનું ટેબ્લેટ વિધ્યાર્થીને મળેલ છે તેવું કન્ફર્મેશન વિદ્યાર્થી દ્વારા ઑનલાઇન આપવાનું રહેશે જેથી કેન્દ્રીય

ધોરણે ટેબ્લેટ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો ડેટાબેઝ સચવાશે જેથી સરકારી આવકમાં સંકલન સ્તરે કોઇ ચૂકનો અવકાશ રહે નહી.

(૨) <u>ટેબ્લેટ મેળવવા માંગતા વિદ્યાર્થીઓની પાત્રતા</u>

૧) ધોરણ-૧૨ની માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હોય, <u>અને</u>

૨) ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવેલ હોય, <u>અને</u>

૩) જે વિદ્યાર્થી ટેબ્લેટ મેળવવા માટે તેમના હિસ્સાના રૂ.૧૦૦૦ જમા કરાવે.

આ વહિવટી મંજુરી નીચે દર્શાવેલ શરતોને આધીન રહેશે.

૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૭-૧૮ ની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

૧. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક એસ.પી.ઓ./૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે.

<u>આ અંગેનો ખર્ચ:</u>

માંગણી ક્રમાંક : ૦૯
મુખ્ય સદર : ૨૨૦૩-તકનિકી શિક્ષણ
ગૌણ સદર : ૦૦૧- નિદેશ અને વહીવટ
પેટા સદર : ૦૧- TED-૧ તકનિકી શિક્ષણ ખાતાનું વહીવટી તંત્ર સંગીન બનાવવું

હેઠળ ઉધારવાનો અને ચાલુ વર્ષે મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે. મુંજુર કરવામાં આવતી આવર્તક રકમનો ખર્ચ ઓબ્જેકટ હેડ ૫૨૦૦-મશીનરી ઇક્વીપમેન્ટ હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૦/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિષ કે. પ્રજાપતિ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટશાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.